PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૩/૧૬–૧૭/ 03 તા. 02/09/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શિયાળ મશરૂભાઈ કવાભાઈ,
સોમનાથ સોસાયટી –૨, શેરી નં.–૩,
માતૃઆશિષ ની સામે,
૧૫૦ ફુટ રીંગ રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૫
મો: ૯૬૮૭૫ ૬૮૪૨૧

**વિષય :–મંજુર કરાયેલ નવુ કને. શીફટીગ મેળવવા**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૯/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–4.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / E

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૯/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૩૦–૧૨–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: શિયાળ મશરૂભાઈ કવાભાઈ,ગામ: રાજકોટ,
રજુઆત કરનાર : અરજદાર શ્રી શિયાળ મશરૂભાઈ કવાભાઈ હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)
રજુઆત કરનાર :એન.પી.શાહ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

ફરીયાદ : મંજુર કરાયેલ નવુ કને. શીફટીંગ મેળવવા

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રી મશરૂભાઈ કવાભાઈ શિયાળ જણાવે છે કે, તેઓ શ્રી એ, ધ્રોલ તાલુકાના ખાખરા ગામ: ખાતે ના સર્વે નંબર : ૮૧૬ વાળી જમીન, જે (૧) શ્રી ભુરાભાઈ રૂપાભાઈ શિયાળ તેમજ (૨) શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળ ના તા.૧૭–૦૧–૧૫ ના રોજ, સંયુકત નામે ખરીદ કરેલ છે. જેથી, અગાઉ પીજીવીસીએલ મા, શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામની, અગાઉ ના તેઓ શ્રી ની માલીકી ની, ગામ: ખાખરાના ખેતીવાડી સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ મા, અગાઉ તા.૩૧–૧૨–૦૯ ના રોજ, મુળ માલીક અને મુળ અરજદાર એવા શ્રી મેરામભાઈ રૂપાભાઈ ભરવાડ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે નોંધાયેલ તા.૩૧–૧૨–૦૯ વાળી જમીન, જે સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર ના ક્રમ નં.: એન ૨૧૧–૦૯ થી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામે નોંધાયેલ છે. તે તા.૩૧–૧૨–૦૯ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળુ સદર જોડાણ, જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે, તે મુળ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીને, ગામ: ખાખરા ના મુળ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, હાલ ના તબ્બકાની, તેઓ શ્રી ( (૧) શ્રી ભુરાભાઈ રૂપાભાઈ શિયાળ તેમજ (૨) શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળ) ના નામની ખરીદાયેલ, એવી ગામ: ખાખરાના જ સર્વે નંબર : ૮૧૬ મા, મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામે જ, શીફટીંગ સાથે, વધારાના ૨.૫ હોપા ના વીજભાર વધારા સાથે, નવા જોડાણ ને કુલ ૧૦ હોપા ના કરારીત વીજભાર સાથે, સદર જોડાણ ચાલુ કરવા માટેની, તેઓ શ્રી એ પીજીવીસીએલ મા, અરજી આપેલ છે. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી / વિભાગીય કચેરી તરફથી, તેઓ શ્રી ને, સદર મુળ તા.૩૧–૧૨–૦૯ ની અરજી ને, મુળ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, ભાગીદારી વાળા સર્વે નંબર પર, મુળ જોડાણકાર ના નામ પર જ, અન્ય ભાગીદાર ની લેખીત સંમતીપત્ર હેઠળ, તબ્દીલ કરવા માટેની, નિયત અરજી ફોર્મ સાથે નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની, સદર શીફટીંગ ની પીજીવીસીએલ મા આપેલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને મૌખીક ચર્ચાઓ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળ, તેમજ શ્રી મશરૂભાઈ કવાભાઈ શિયાળે, ધ્રોલ તાલુકાના ખાખરા ગામ: ખાતે ના સર્વે નંબર : ૮૧૬ વાળી જમીન, જે તા.૧૭–૦૧–૧૫ ના રોજ, સંયુક્ત નામે ખરીદ કરેલ છે. જે માહે ના એક ભાગીદાર એવા શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામની, અગાઉ તેઓ શ્રી ની માલીકી ની, ગામ: ખાખરાના ખેતીવાડી સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ મા, અગાઉ તા.૩૧–૧૨–૦૯ ના રોજ, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે નોંધાયેલ તા.૩૧–૧૨–૦૯ વાળી અરજી ને, મુળ અરજદાર શ્રી એવા શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળે – તેઓ શ્રી ની મુળ નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા.૩૧–૧૨–૦૯ ની અરજીને, ગામ: ખાખરા ના મુળ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, હાલ ના તબ્બકાની તેઓ શ્રી એટલેકે ( (૧) શ્રી ભુરાભાઈ રૂપાભાઈ શિયાળ તેમજ (૨) શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળ) ના સંયુક્ત નામની, ભાગીદારી થી ખરીદાયેલ, એવી ગામ: ખાખરાના જ સર્વે નંબર : ૮૧૬ મા – મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામે જ – મુળ માંગણી મુજબ ના સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, ભાગીદારી વાળી જમીન સર્વે નંબર : ૮૧૬ મા શીફટીગ મેળવવા માટે ની, વિધીસર ની અરજી, જે મુળ માંગણી મુજબ ની અરજી ના ૭.૫ હોપા ના વીજભાર મા, વધારાના ૨.૫ હોપા ના વીજભાર વધારા સાથે, નવા જોડાણ ને કુલ ૧૦ હોપા ના કરારીત વીજભાર વાળુ કરવા સબબ ની – એમ વીજભાર વધારા તેમજ શીફટીગ સાથે ની નિયત અરજી ફોર્મ મા, અરજી જે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે પીજીવીસીએલ ની સબંધક એવી ધ્રોલ પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ છે. |
| **૨.૨** | પરંતુ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની અરજી – જે, સંયુક્ત માલીકી વાળા સર્વે નંબર : ૮૧૬ મા, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે મુળ માલીક ના નામે શીફટીગ માટે કરાયેલ હોય, તેમજ માંગણી મુજબ ની શીફટીગ ની જમીન ભાગીદારી વાળી હોય – આ બાબત જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩, ના મુદદા નં. ૨(ચ) મા કરાયેલ જોગવાઈ મુજબ – ભાગીદારી વાળી જમીન પર શીફટીગ ન આપી શકવાની જોગવાઈ ને અનુસંધાને – સબંધક વર્તુળ કચેરી તરફથી, પત્ર નં. : જેસીઓ/આવક/૧૬/૯૭૩૭ થી – ના મંજુર કરાયેલ છે. આવા કારણોસર પીજીવીસીએલ કક્ષાએથી ફરીયાદી અરજદાર શ્રી ની અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ – મુળ શ્રી મેરાભાઈ રૂપાભાઈ શિયાળ ની, મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી – એટલેકે તા.૩૧–૧૨–૦૯ ની, સામાન્ય યોજના હેઠળ ના, ૭.૫ હોપા નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળુ સદર નવુ ખેતીવાડી વીજજોડાણ – જે હાલ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય – તે મુળ નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૩૧–૧૨–૦૯ ની અરજીને, ગામ: ખાખરા ના મુળ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, હાલ ના તબ્બકાની, મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડે, અન્ય ભાગીદાર શ્રી ભુરાભાઈ રૂપાભાઈ શિયાળ ગામ: ખાખરાના જ સર્વે નંબર : ૮૧૬ ની ખરીદેલ એવી ખેતીવાડી ની જમીન પર – મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામે જ– વધારાના ૨.૫ હોપા ના વીજભાર વધારા સાથે, નવા જોડાણ ને કુલ ૧૦ હોપા ના કરારીત વીજભાર સાથે, તેમજ શીફટીગ સાથે, સદર જોડાણ ચાલુ કરવા માટેની – અરજદાર શ્રી ની પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા અરજી – જે નિયત અરજી ફોર્મ સાથે નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની, સદર શીફટીગ ની પીજીવીસીએલ મા રજુ કરેલ છે. |
| **૩.૨** | પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના પેઈજ નં. : ૮ પર ના '' બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતી વિષયક વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન ''ના મથાળા હેઠળ ના મુદદા નં. (ક) ના પેટા પોઈન્ટ (૪) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' નવા ખેતીવાડી વીજજોડાણ મેળવનાર અરજદાર – તેઓ શ્રી ની, નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની અરજી, જે મુળ માંગણી મુજબ ના જુના સર્વે નંબર માથી, અન્ય ભાગીદાર સાથે ખરીદેલ, એવી સંયુક્ત માલીકી વાળી જમીન પર – અન્ય ભાગીદાર ના રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતી મેળવી અને તબ્દીલ કરાવી શકે છે. '' ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે સદર અરજી પણ, જે આ બાબતને, સંપુર્ણ સબંધક હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ મંજુરી ને પાત્ર છે. |

| | |
|---|---|
| ૩.૩ | આમ, ફરીયાદી અરજદાર શ્રી ની, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની અરજી, જે મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, નિયમાધીન મંજુરી ને પાત્ર હોવા છતા, પીજીવીસીએલ ની સક્ષમ એવી, વર્તુળ કચેરી જામનગર' સ્થિત, સદર મંજુરી ની બાબત સંભાળતા એવા જવાબદાર અધિકારી એ - '' પીજીવીસીએલ 'મા પ્રવર્તમાન એવા ખાસ કરીને, સવાલવાળા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ '' સદર પરીપત્ર ની વિગતો નો, ઉંડાણ પૂર્વક નો અભ્યાસ કર્યા વગર/ અથવા તો સદર પરીપત્ર ની તમામ બાબતો નુ પુરતુ જ્ઞાન ન હોવાના કારણોસર / અથવા તો સદર પરીપત્ર ની અપૂરતી જાણકારી / અજ્ઞાનતા ના કારણોસર – ફરીયાદી અરજદાર શ્રી નો, ''સદર નવા ખેતીવાડી વીજજોડાણ સબંધક કેઈસ'' – જે '' જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના પેઈજ નં. : ૮ પર ના '' બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતી વિષયક વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન ''ના મથાળા હેઠળ ના મુદદા નં. (ક) ના પેટા પોઈન્ટ (૪) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' આવરી લઈ અને મંજુર કરવાાને બદલે, ''જીયુવીએનએલ ના સદર પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના પેઈજ નં. : ૪ પર ના ''ખેતી વિષયક હળવા દબાણ ના હૈયાત વીજજોડાણો ધરાવતા ગ્રાહકો નો સ્થળ ફેર ( શીફટીગ) ''ના મથાળા હેઠળ ના મુદદા નં. ૨ ના પેટા પોઈન્ટ (ચ) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ હેઠળ'' આવરી લઈ અને ના મંજુર કરવાની કાર્યવાહી કરાયેલ છે. પીજીવીસીએલ ની સક્ષમ એવી વર્તુળ કચેરી કચેરી કક્ષાના, સદર બાબત સંભાળતા જવાબદાર અધિકારી ની, સદર પ્રકાર ની ગંભીર ભુલ ના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની, નિયમાધીન યોગ્ય અને વ્યાજબી અરજી ને ના મંજુર કરાયેલ છે. |
| ૩.૪ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે વર્ણવેલ એવી પીજીવીસીએલ કક્ષાની સદર બેદરકારી ની, ફોરમ કમિટી તરફથી ગંભીર નોંધ લેવાયેલ છે. ગ્રાહક લક્ષી સેવાકીય એવા નિયત નિયમ નો, સબંધક વર્તુળ કચેરી તરફથી ભંગ થયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. જેથી, સબંધક કચેરી ના જવાબદાર અધિકારી સામે, સદર બેદરકારી સબબ, પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ની, શિસ્તભંગ ની કાર્યવાહી, હાથ ધરવા બાબતે, ફોરમ કમિટી તરફથી, પીજીવીસીએલ ની વરિષ્ઠ એવી વર્તુળ કચેરી સમક્ષ, ખાસ નોંધ આપવામા આવે છે. |
| ૩.૫ | આમ, ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે અરજી, જે સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો માં આવરી લેવાયેલ છે. તે અરજી, જે સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતો મુજબ મંજુરી ને પાત્ર છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી, મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો મા, નિયમાધીન રીતે આવરી લઈ, અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના મુળ નામની જ, અગાઉ તા.૩૧–૧૨–૦૯ ના રોજ નોંધાયેલ અરજી, જે મુળ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ મા નોંધાયેલ હતી. તે તા.૩૧–૧૨–૦૯ ની અરજીને, ગામઃ ખાખરાના જ સર્વે નંબર ૩૭૩ પૈકી ૨ માથી, હાલ ના તબ્બકે, મુળ અરજદાર શ્રી એ, ગામઃ ખાખરા ની જ, જમીન – જે સર્વે નંબર : ૮૧૬ વળી જમીન – જે, મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડે અન્ય ભાગીદાર શ્રી ભુરાભાઈ રૂપાભાઈ શિયાળ સાથે સંયુકત માલીકી થી ખરીદેલ છે – તે સંયુકત માલીકી વાળી સર્વે નંબર : ૮૧૬ વાળી જમીન પર, મુળ અરજદાર શ્રી મેરાભાઈ રૂપાભાઈ ભરવાડ ના નામે જ– વધારાના ૨.૫ હોપા ના વીજભાર વધારા સાથે, નવા જોડાણ ને કુલ ૧૦ હોપા ના કરારીત વીજભાર સાથે, તેમજ શીફટીગ સાથે – સદર મુળ તા.૩૧–૧૨–૦૯ ની અરજી વાળુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ – જેની, અરજદાર શ્રી ની પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા – નિયત અરજી ફોર્મ સાથે નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની સદર શીફટીગ ની અરજી– જે પીજીવીસીએલ મા રજુ કરેલ છે, તે અરજી ને મંજુરી ની તમામ પ્રકાર ની કાર્યવાહી હેઠળ આવરી લઈ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૨૦ મા જ, સદર મંજુરી ની તમામ કાર્યવાહી પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા નોંધાયેલ એવી મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની અરજી, કે જે ને પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે સમર્થન આપેલ છે, અને મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના મંજુર કરાયેલ છે. તે મુજબ ની, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની અરજી, જે ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે મંજુરી ને પાત્ર છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની, નિયત અરજી ફોર્મ સાથે નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની સદર તા.૩૧–૧૨–૦૯ ના રોજ નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, વીજભાર વધારા સાથે ની શીફટીંગ અરજી– જે પીજીવીસીએલ મા રજુ કરેલ છે, તે અરજી ને મંજુરી ની તમામ પ્રકાર ની કાર્યવાહી હેઠળ આવરી લઈ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૨૦ મા જ, સદર મંજુરી ની તમામ કાર્યવાહી પૂર્ણ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી)**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..